# ગાંધીનગરની સ્કૂલ બસે પલ્ટી ખાતા વિદ્યાર્થીનું કરૂણ મોત

## કલોલ-માણસા માર્ગ પર ધમાસણા પાસે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજાની બસ ધડાકાભેર પલ્ટી માર્યા બાદ ૧૦૦ મીટર ઘસડાઈ : બસ ડ્રાઈવરનું પણ સ્થળ પર મોત નિપજ્યું : ૯ વિદ્યાર્થીઓને ઈજા

ગાંધીનગર, તા.૭

કલોલ-ધમાસણા માર્ગ પર આજે બપોરે સ્કુલ બસે પલ્ટી ખાતા બસ ડ્રાઈવર સહિત એક વિદ્યાર્થીનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. રાંધેજા ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલની બસ કલોલ તરફ જતી હતી ત્યારે રીક્ષાની ઓવરટેક કરવા જતા ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બસે પલ્ટી ખાધી હતી. પલ્ટી ખાધેલી બસ માર્ગ પર અંદાજિત ૧૦૦ મીટર જેટલી ઘસડાઈ હતી. ગંભીર અકસ્માતમાં સ્કુલના આશાસ્પદ વિદ્યાર્થી પાર્થ ગજ્જરનું કરુણ મોત નિપજયું હતું. જયારે અન્ય ૯ વિદ્યાર્થીઓને નાની મોટી ઈજાઓ થવા પામી છે. ઘટનાની જાણ થતા જ કલોલ મામલતદાર સહીત પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા.

બનાવની પ્રાપ્ય માહિતી અનુસાર રાંધેજા નજીક સ્થિત ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલની બસ નં. જી.જે.૧૮-એ ૫૨૯૦ આજે બપોરે સ્કૂલના વિદ્યાર્થીઓને લઈ કલોલ તરફ જવાના રવાના થઈ હતી. આ દરમિયાન ધમાસણા નજીક આગળ જતી રીક્ષાને ઓવરટેક કરવા જતા બસ ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેના પરિણામે પળવારમાં જ આખી બસે પલ્ટી ખાધી હતી. ધડાકાભેર પલ્ટી ખાધેલી બસ માર્ગ પર ૧૦૦ મીટર જેટલી ઘસડાઈને એક ઝાડ સાથે અથડાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં સ્કુલ બસના ડ્રાઈવર રમણ ધનાજી ઠાકોર (ઉ.વ.૩૫ રહે. બોરીસણા) તેમજ સ્કુલના વિદ્યાર્થી પાર્થ રાજેશભાઈ ગજ્જર (ઉ.વ.૧૬ રહે. નીલકામદાર સોસાયટી કલોલ)નું ગંભીર ઈજાઓ થતાં બંનેનું સ્થળ પર જ મોત નિપજયું હતું. ધડાકાભેર બસે પલ્ટી ખાતા આસપાસના ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકો બચાવ કામગીરીમાં લાગી ગયા હતા. આ દરમિયાન ઉંધી પડેલી બસમાં ચિચિયારી પાડતા વિદ્યાર્થીઓને બસની બારીના કાચ તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા. આ દરમિયાન કલોલ મામલતદાર તેમજ ડી.વાય.એસ.પી. સવાણી તેમજ પોલીસ ઈન્સ્પેકટર બી.એન. દવે સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. સ્ટીયરીંગ અને એન્જિનના ભાગ વચ્ચે દબાયેલા ડ્રાઈવરના મૃતદેહને બહાર કાઢવામાં પણ સમય લાગી ગયો હતો. કલોલ ફાયર બ્રિગેડના કર્મચારીઓ પણ બચાવ કામગીરીમાં લાગી ગયા હતા. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કલોલ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં બસ ડ્રાઈવર ઉપરાંત એક વિદ્યાર્થીનું મોત નિપજયું હતું. જયારે અન્ય ૯ વિદ્યાર્થીઓને ઈજાઓ થવા પામી હતી.

કલોલ તાલુકા પોલીસે આ અંગે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવ સંદર્ભે ડી.વાય.એસ.પી. સવાણીએ જણાવ્યું હતું કે બસના ડ્રાઈવરની બેદરકારી કે તેમજ નશો કર્યો હતો કે કેમ તે અંગે પણ તપાસ થશે.









### ઈમરજન્સી સારવાર માટે સિવિલનો સ્ટાફ પણ એલર્ટ મોડમાં !

મોખાસણ-નારદીપુર માર્ગ પર આજે બપોરે સ્કૂલ બસે પલ્ટી ખાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. વિદ્યાર્થીઓથી ભરચક રાંધેજા ઈન્ટરનેશનલ



પબ્લીક સ્કૂલની બસે પલ્ટી ખાધી હોવાના સમાચારના પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું તંત્ર સ્ટેન્ટ ટુ થઈ ગયું હતું. બપોરના સમયે સિવિલ હોસ્પિટલનો સ્ટાફ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર આપવા એલર્ટ-મોડમાં જોવા મળ્યો હતો. હોસ્પિટલના ડોક્ટર્સ ઉપરાંત નર્સ પણ ઈમરજન્સીને પહોંચી વળવા તૈયાર રહ્યા હતા. સ્ટ્રેચર પણ તૈયાર કરી દેવાયા હતા. આ ઉપરાંત ઘટના અંગે જાણ થતા જિલ્લા શિક્ષણતંત્રના અધિકારી અને કર્મચારીઓ પણ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. બીજી તરફ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની કલોલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



### અકસ્માતમાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓ

- ધૃવ કૌશિકભાઈ પટેલ
- હર્ષિલ એ. પટેલ
- રોનક જેસીંગભાઈ ચૌધરી
- દિપ કાન્તિભાઈ માણપર
- રવિન્દ્ર જે. ચૌધરી
- હર્ષ મનીષભાઈ અરબસ્તાની
- અંકીત ગીરીશભાઈ પટેલ
- દીપ અલ્પેશભાઈ પટેલ
- અભિષેક લવલીત શ્રીવાસ્તવ

# મોદી અને ઉદ્ધવ ઠાકરેની વચ્ચે ગાંધીનગરમાં મહત્વપૂર્ણ બેઠક

## લોકસભાની ચુંટણી માટે વ્યુહરચના અને શિયાળુ સત્રમાં જુદા-જુદા પાસાઓને લઈને ચર્ચા થઈ હોવાની અટકળો

ગાંધીનગર, તા.૭

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને શિવસેનાના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે વચ્ચે ગાંધીનગરમાં આજે બેઠક યોજાઈ હતી. વાતચીતમાં ઘણા પાસાઓ ઉપર ચર્ચા થઈ હોવાનું બિનસત્તાવાર રીતે જાણવા મળી રહ્યું છે. મોદી અને ઉદ્ધવ ઠાકરેની મુલાકાતથી રાજકીય અટકળબાજી શરૂ થઈ ગઈ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી અને છત્તીસગઢમાં વિધાનસભાની ચુંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. ચુંટણી પરિણામોના એક દિવસ પહેલા આ બેઠક યોજાઈ હતી. લોકસભાની ચુંટણીઆડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે એકાએક ઉદ્ધવ ઠાકરે ગાંધીનગરમાં પહોંચ્યા છે. નરેન્દ્ર મોદી સાથે તેમની બેઠકને ખૂબ જ સુચક માનવામાં આવે છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, લોકસભાની ચુંટણીમાં મહારાષ્ટ્રમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો કરવાની વ્યુહરચના પર ચર્ચા થઈ છે. બે દિવસ પહેલા જ શિવસેનાના વરિષ્ઠ નેતા મનોહર જોશી પણ નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ વાતચીતમાં અન્ય મુદ્દાઓ ઉપર પણ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે.



બન્ને વચ્ચે કયા મુદ્દા પર ચર્ચા થઈ તે અંગે બન્ને પક્ષો તરફથી કોઈપણ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. લોકસભાની ચુંટણી પહેલા સાથીપક્ષો વધારે ઉમેરવાનો મુદ્દો પણ હાલમાં સપાટી પર છે. બીજી બાજુ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારને ભીસમાં લેવા માટે કમર કસી લેવામાં આવી છે. આજની બેઠકમાં શિયાળુ સત્રમાં રજૂ થઈ રહેલા મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળી રહ્યું છે. બન્ને પક્ષો સાથે મળીને કેટલાક મુદ્દા ઉઠાવવાની પણ તૈયારીમાં હોવાના સંકેત મળી રહ્યા છે.

### રન ફોર યુનિટીના રજીસ્ટ્રેશન હવે એસએમએસથી પણ કરી શકાશે

#### દરેક દોડવીરને પ્રમાણપત્રથી સન્માનિત કરવા માટે પણ તંત્ર એ હાથ ધરેલી વિચારણા

ગાંધીનગર, તા.૭

આગામી ૧૫મી ડિસેમ્બરે યોજાનાર રન ફોર યુનિટીમાં જોડાવા માટે સ્વૈચ્છીક સંગઠ્ઠનો અને તંત્ર દ્વારા એસ.એમ.એસ. કરી લોકોને જોડવામાં આવશે.

રન ફોર યુનિટીના આયોજનને લઈ સંખ્યાબંધ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ૨ કિ.મી.ની મર્યાદામાં યોજાનાર આ દોડને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ ફલેગ ઓફ કરશે.

તંત્ર દ્વારા આ માટે તૈયારીઓ ચાલી રહી છે. દોડ દરમિયાન ખાસ વોલિયન્ટર્સની પણ વ્યવસ્થા કરવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે રન ફોર યુનિટીમાં જોડાનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવાનું પણ આયોજન વિચારણા હેઠળ છે. આ ઉપરાંત સ્પર્ધકો માટે પેયજળ મળી રહે તે માટે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રન ફોર યુનિટીના કાર્યક્રમને જિલ્લામાં સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. એક તબક્કે ૫૦ હજારનો લક્ષ્યાંક હતો તે વધીને હવે ૬૦ હજાર સુધી પહોંચ્યો છે. તંત્ર એ લોકોના પ્રતિસાદને ધ્યાને રાખી દોડના સ્થળે પણ ખાસ રજીસ્ટ્રેશન કાઉન્ટરો ૧૫મી ડિસેમ્બરે રાખવાનો નિર્ણય કર્યો છે.

તંત્ર દ્વારા જિલ્લા કલેકટર કચેરી ખાતે એક ખાસ સેલ પણ ઉભો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તંત્ર દ્વારા આયોજનને લઈ સ્વૈચ્છિક સંગઠ્ઠનો સાથે પણ બેઠકોનો દોર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

### નવ રચિત સાત જિલ્લાના પ્રભારી સચિવો નિમાયા

ગાંધીનગર, તા.૭

રાજયના નવ રચિત સાત જિલ્લાઓના પ્રભારી સચિવોની નિમણુંકો કરવામાં આવી છે. બાકીના જિલ્લાના પ્રભારી સચિવોને હાલ યથાવત રાખવામાં આવ્યા છે.

રાજયના દરેક જિલ્લામાં લોકોના પ્રશ્નોનું ઉચ્ચ સ્તરે મોનીટરીંગ કરવા તથા વહીવટ પર દેખરેખ રાખવા પ્રભારી સચિવ તરીકે સચિવોની નિયુકિત કરવામાં આવે છે. જે અંતર્ગત રાજય સરકાર દ્વારા તાજેતરમાં જ રચવામાં આવેલા નવા સાત જિલ્લાઓના પ્રભારી સચિવ તરીકે સચિવોની નિમણુંક કરવામાં આવી છે.

આગામી જાન્યુઆરી માસમાં બે થી ત્રણ ઉચ્ચ સનદી અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યા છે. આથી જાન્યુઆરી માસ બાદ તમામ જિલ્લાના પ્રભારી સચિવોનું રીશફલીંગ કરવામાં આવશે અને નવેસરથી સચિવોની જિલ્લા પ્રભારી સચિવ તરીકે નિમણુંકો કરવામાં આવનાર છે.

નવ રચિત સાત જિલ્લાના પ્રભારી સચિવોએ રાજય સરકારે અગાઉ જારી કરેલ પરિપત્રોની સૂચનાઓ મુજબ કામગીરી કરવાની રહેશે અને પ્રભારી જિલ્લામાં કરવામાં આવેલ કામગીરી અંગોનો ત્રિમાસિક અહેવાલ સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવાનો રહેશે.

#### કયા જિલ્લાના પ્રભારી સચિવ કોને બનાવાયા

| નવ રચિત જિલ્લા | પ્રભારી સચિવનું નામ |
|---|---|
| અરવલ્લી | વી. થીરુપુગાઝ |
| ગીર-સોમનાથ | જે.એન.સિંઘ |
| બોટાદ | પી.કે. પરમાર |
| છોટા ઉદેપુર | આર.સી. મીના |
| મહીસાગર | ટી. નટરાજન |
| દ્વારકા | કમલદયાની |
| મોરબી | શ્રીમતી મોના ખંધાર |

### ખૂણે... ...ખાંચરેથી

- આજે ગાંધીનગર સમાચારના કટાર લેખક અને યુવા સાહિત્યકાર સંજય થોરાત અને એમની બંને દિકરીઓ રિદ્ધી અને અનન્યાનો એક જ દિવસે જન્મદિવસ આવે છે. તેઓ સે. ૨૮માં આવેલી સમર્પણ મૂક-બધીર શાળાનાં વિદ્યાર્થીઓ વચ્ચે કેક કાપી એમનો જન્મદિવસ ઉજવશે.
- ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યક્રમ અંતર્ગત આસામ ગયા છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાએ મિલ્કતવેરાનું બિલ ના મળ્યુ હોય તો મિલ્કતના આધાર-પુરાવા રજુ કરી બિલ મેળવી લેવા અપીલ કરી છે.
- લગ્નસરાની ભારે સિઝનને પગલે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની કેટલીક બસોના રૂટ રદ કરાયા હતા.
- આરોગ્ય તંત્ર દ્વારા ઈ.મમતાની વેબસાઈટ નવેસરથી ડેવલપ કરાઈ રહી છે. તેમાં સોફ્ટવેર પણ બદલાઈ રહ્યું છે.

### બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **સ્વ. વ્યાસ જીતેન્દ્રકુમાર જયશંકર** (ઉ.વ. ૫૭) તા. ૭/૧૨/૨૦૧૩ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૯/૧૨/૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૪૧૮/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર મો. ૯૭૨૩૭ ૬૨૦૯૨**

લી.
**વ્યાસ અલ્પેશકુમાર જીતેન્દ્રકુમાર**
**વ્યાસ સુનિલકુમાર જીતેન્દ્રકુમાર**

ૐ પ્લે-હાઉસ
નવા સત્રથી એડમીશન શરૂ કરેલ છે.
પ્લેગૃપ / બેબી સીટર
૧, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર ● મો. ૯૯૨૪૨ ૧૧૦૭૪

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com